# વિવિધ વક્તવ્યો



લેખન અને સંકલન


## શ્રી લાલજીભાઇ બી. પંચાલ.

મ. શિક્ષક


## શ્રી હાથીપુરા પ્રા. શાળા.

## તા-દસાડા

## જિ- સુરેન્દ્રનગર.




# વૃક્ષોનું મહત્વ



વૃક્ષો આપણાં મિત્રો છે. વૃક્ષો આપણને કેરી, દાડમ, સફરજન, જાંબુ, નારંગી, મોસંબી જેવાં અનેક ફળો આપે છે. તે આપણને ઘરનું રાચરચીલું બનાવવાં માટે લાક્ડું આપે છે. તેનાં લાકડાં આપણે બળતણ તરીકે વાપરીએ છીએ. કેટલાંક વૃક્ષો નાં પાનમાંથી પડિયા, પતરાળા, તેમજ બીડી બનાવવામાં આવે છે. વૃક્ષોમાંથી આપણને મધ, ગુંદર, રબર વગેરે ઉપયોગી વસ્તુઓ મળે છે.

વૃક્ષો ધરતીની શોભા છે, વૃક્ષોની ઘટાઓમાં પંખીઓ કિલ્લોલ કરે છે. તેમની શીતળ છાયામાં પશુ-પંખી , વટેમાર્ગુઓ અને ખેડૂતો બપોરે વિશ્રામ કરે છે. વૃક્ષોની ડાળીઓ પર પક્ષીઓ માળા બાંધે છે. વૃક્ષોનાં લીલાં પાંદડાં હવામાંનો કાર્બનડાયોક્સાઇડ શોષી લે છે. અને ઓક્સિજન બહાર કાઢી હવાને શુદ્ધ કરે છે. વૃક્ષ આપણું મિત્ર જ નહીં, સંત પણ છે. વૃક્ષ તેનાં પર પથ્થર ફેંકનારને પણ ફળ આપે છે. વૃક્ષો અશુદ્ધ હવા શોષી લઇને આપણને શુદ્ધ હવા આપે છે.

કેટલાંક લોકો આડેધડ વૃક્ષો કાપી નાખે છે. આપણે વૃક્ષો કપાતાં અટકાવવાનાં યોગ્ય ઉપાયો કરવાં જોઇએ. વૃક્ષોનો મહિમા વધારવા માટે આપણે વધુ વૃક્ષો ઉગાડવાનો સંકલ્પ કરીએ.

અસ્તું.......... જય હિંદ.......... જય ભારત..........

# જળ એ જ જીવન

જળ એ જ જીવન છે. જીવવા માટે હવા , પાણી , અને ખોરાકની જરુર પડે તેમ પાણી વિના જીવી શકાય નહીં. પાણી પીવામાં, નહાવામાં કપડાં ધોવામાં, રસોઇ બનાવવામાં, અને ઘરની સફાઇ કરવામાં વપરાય છે. પાણીનો ઉપયોગ ઉદ્યોગોમાં પણ થાય છે. પાણી વનસ્પતિ માટે પણ અત્યંત જરુરી છે. પાણી વિના ફૂલ-છોડ પણ ઉગતાં નથી. પશુ-પંખીઓ પાણી વિના જીવી શકતાં નથી. આમ જળ એ જ જીવન છે.

પાણી માટે આપણે વરસાઅદ પર આધાર રાખવો પડે છે. જે વર્ષે દુષ્કાળ પડે છે, તે વર્ષે મનુષ્યો અને પશુ-પંખીઓ પાણી વિના ટળવળે છે. ખેતરોમાં અનાજપાકતું નથી.

દિવસે-દિવસે પાણીનો વપરાશ વધતો જાય છે. આપણે તેનો કરકસર અને વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઇએ. પાણી એ જીવનનું અમૃત છે. અને એટલે જ કહેવાય છે કે ‘જળ એ જ જીવન.’

# બેટી બચાવો- બેટી ભણાવો



સમગ્ર ભારતમાં દીકરીઓને શિક્ષિત બનાવવાં અને દીકરીઓને બચાવવા માટે આપણાં દેશનાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા દીકરીઓનાં નામે એક યોજના શરુ કરવામાં આવી છે. જેનું નામ છે, બેટી બચાવો – બેટી ભણાવો.

આ યોજનાની શરુઆત ૨૨ મી જાન્યુઆરી ૨૦૧૫નાં રોજ હરિયાણા રાજ્યનાં પાણીપત શહેરમાં થઇ હતી.

ભારતની દીકરીઓની વેદનાને વાચા આપવા અને તેમને ભણાવવાં માટે ઘણાં લોકોએ આ યોજનાને આવકારી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય દીકરી ભણી-ગણી પગભર બની શકે અને પોતાનાં અધિકારો મેળવી શકે તે છે.

આપણાં દેશ અને સમાજે ઘણી પ્રગતિ કરી છે, પરંતું દીકરીઓ અને સ્ત્રીઓને જે સન્માન મળવું જોઇએ તે હજું મળતું નથી. માટે દીકરીઓ ભણશે તો જ સમાજ અને દેશ વધુ પ્રગતિ કરી શકશે.

અસ્તું........... જય હિંદ..........જય ભારત.........

## સ્વચ્છતા



આપણાં જીવનમાં સ્વચ્છતાનું ઘણું મહત્વ છે. જ્યાં સ્વચ્છતા ત્યાં સુંદરતા, જ્યાં સ્વચ્છતા ત્યાં પવિત્રતા, જ્યાં સ્વચ્છતાં ત્યાં દિવ્યતા, જ્યાં સ્વચ્છતા ત્યાં તંદુરસ્તી. આ સુત્રો આપણે જીવનમાં વણી લેવાં જોઇએ. ગાંધીજીએ તો આગળ વધીને ‘સ્વચ્છતાં ત્યાં પ્રભુતાં’ એવું સુત્ર આપ્યું.

જાહેર આરોગ્ય માટે ઘર અને મહોલ્લાની નિયમિત સફાઇ થવી જોઇએ. આપણાં ઘરનાં બારી-બારણાં, છત, દિવાલો વગેરેની નિયમિત સફાઇ થવી જોઇએ. ઘરની આસપાસનો વિસ્તાર પણ સ્વચ્છરાખવો જોઇએ. ક્યાંય કે કચરાનાં ઢગલાં ન થવા દેવા જોઇએ. કચરાનાં ઢગલાંમાંથી દુર્ગંધ પ્રસરે છે અને જંતુઓ ઉત્પન્ન થાય છે. તેનાથી રોગચાળો ફેલાય છે.

ગાંધીજીએ સ્વચ્છતાને ખૂબ મહત્વ આપ્યું હતું. તેઓ રોજ સવારે આશ્રમમાં, સમૂહમાં સફાઇકામ કરતાં. સ્વચ્છતા જાળવવાની જવાબદારી કોઇ એક વ્યક્તિની નહિ, પણ બધાં લોકોની છે. માટે લોકો જાગૃત હોય તો જ સ્વચ્છતા જાળવી શકાય.

આપણી સરકાર ટી.વી. , રેડિયો અને વર્તમાનપત્રો જેવાં પ્રસાર માધ્યમો દ્વારા લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવા ઘણાં પ્રયત્નો કરે છે. ગામડે-ગામડે દિવાલ પર સ્વચ્છતા અંગેનાં સુત્રો લખવામાં આવે છે. છતાં હજુ સુધી સ્વચ્છતા બાબતે પૂરી સફળતા મળી નથી. તો , સ્વચ્છતાનું મહત્વ જાણી- સમજી આપણે સૌએ સ્વચ્છતા રાખવા પ્રયત્નો કરવા જોઇએ.

અસ્તું........જય હિંદ..... જય ભારત.........

## વર્ષાઋતુ

વર્ષની મુખ્ય ત્રણ ઋતુઓ છે. શિયાળો,ઉનાળો અને ચોમાસું. કોમાસામાં વરસાદ પડે છે, તેથીતેને વર્ષાઋતુ કહે છે.

વર્ષાઋતુમાં આકાશ કાળા-કાળા વાદળાથી વછવાઇ જાય છે. ઠંડો પવન ફૂકાય છે. વીજળીનાં ચમકારા અને વાદળાના ગડગડાટ સાથે વરસાદ તૂટી પડે છે આથી નાના-મોટા સૌ આનંદમાં આવી જાયછે.મૉર કળા કરીને નાચેછે. દેડકો ડ્રાઉ-ડ્રાઉ કરે છે.

# દેશપ્રેમ



જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતી છે. જે દેશની ધરતી પર આપણો જન્મ થયો, જે દેશની ધરતીએ આપણું પાલનપોષણ કર્યું, એ દેશની ધરતી પ્રત્યે આપણને ઊંડી લાગણી હોય તે સ્વાભાવિક છે. આપણા દેશનું ઋણ અદા કરવા આપણે આપણું સર્વસ્વ અર્પણ કરી દઇએ તો પણ ઓછું છે.

દેશપ્રેમ એ એક મહાન ગુણ છે. વર્ષો પહેલાં આપણાં દેશ પર અંગ્રજોનું શાસન હતું. આપણા દેશનાં નેતાઓ અને દેશભક્તોએ ભારતમાતાને આઝાદ કરવા માટે સ્વાતંત્ર્યસંગ્રામ શરૂ કર્યો હતો. ગાંધીજીએ દેશની પ્રજાને દોરવણી આપી હતી. આપણાદેશની તમામ પ્રજા આ સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડાઇ હતી. ખુદીરામ બોઝ, ભગતસિંહ અને ચંદ્રશેખર આઝાદ જેવા અનેક યુવાનો આઝાદીની લડતમાં શહીદ થઇ ગયા. મહાત્માગાંધી, પંડિત જવાહરલાલ નહેરું, સરદાર વલ્લભભાઇ પટેલ, સુભાષચંદ્ર બોઝ, બાળગંગાધર ટિળક, અને લાલા લજપતરાય જેવાં દેશનેતાઓએ જેલવાસ જેવી અનેક યાતનાઓ વેઠી ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી છોડાવ્યો.

આપણે આપણાં દેશનાં વિકાસમાં ફાળો આપવો જોઇએ. વિદ્યાર્થીઓ સારો વિદ્યાભ્યાસ કરીને, ખેડૂત વધુ અનાજ પકવીને, શિક્ષકો સારુ ભણાવીને, કામદારો વધુ ઉત્પાદન કરીને આપણાં દેશની સેવા કરી શકે.આપણાં દેશ પર સંકટ આવી પડે ત્યારે આપણાં દેશપ્રેમની ખરી કસોટી થાય છે. વખતે આપણે નાતજાતના, ઊચનીચના, અમીરગરીબનાં અને શેઠમજૂરનાં ભેદભાવો ભૂલીને દેશને આફતમાંથી ઉગારવા તૈયાર થઇ જવું જોઇએ.

ગરીબી,બેકારી,નિરક્ષરતા,અજ્ઞાન વગેરે દેશપ્રેમનાં અવરોધક પરિબળો છે. આપણે એમને દૂર કરવા માટે પ્રયત્ન કરવો જોઇએ. અમેરિકાનાં પ્રમુખ જહોન ઓફ કેનેડીનું સુવાક્ય યાદ રાખવું જોઇએ કે

Ask not what your country, can do for you,

Ask what you, can do for your country.